# આધાશીશી – માથાનો દુખાવો



- આદુનો રસ અને તુલસીનો રસ સૂંઘવાથી અને નાકમાં ટીપા નાખવાથી આધાશીશી અને માથાનો દુખાવો મટે છે.
- લસણની કળીઓ પીસીને કાનપટી પર લેપ કરવાથી આધાશીશી મટે છે.
- દ્રાક્ષ અને ધાણાને ઠંડા પાણીમાં પલાળી પીવાથી આધાશીશી મટે છે.
- હિંગને પાણીમાં મેળવી નાકમાં ટીપા નાખવાથી આધાશીશી મટે છે.
- સૂંઠને પાણીમાં ઘસી અને ઘસારો કપાળે લગાડવાથી આધાશીશી મટે છે.
- દૂધમાં ઘી મેળવી, પીવાથી આધાશીશી અને માથાનો દુખાવો મટે છે.
- સૂરજ ઉગે તે પહેલા ગરમાગરમ, તાજી, ચોખ્ખા ઘીની જલેબી ખાવાથી આધાશીશી મટે છે.
- માથું દુખતું હોય તો કપાળે ચોખ્ખું ઘી ઘસવાથી માથું ઉતરે છે.
- આમળાંનું ચૂર્ણ, સાકર અને ઘી સરખે ભાગે લઇ ખાવાથી માથું દુખતું હોય તો ઉતરે છે.
- એક કપ પાણીમાં એક ચમચી હળદર નાખી, ઉકાળીને પીવાથી, તેનો વાક ( નાસ ) લેવાથી માથાનો દુખાવો મટે છે.
- ઠંડા દૂધમાં સૂંઠ ઘસીને, તે દૂધમાં 3 – 4 ટીપાં નાકમાં નાખવાથી આધાશીશી મટે છે.
- અર્ધો ચમચો લીંબુનો રસ અને અર્ધો ચમચો તુલસીનો રસ ભેગો કરી પીવાથી માથાનો દુખાવો મટે છે.
- માથું દુખતું હોય તો તુલસીના પાન અને અગરબત્તી વાટીને માથે ચોપડવાથી તરત જ માથું ઉતરે છે.
- નાળિયેરનું પાણી પીવાથી આધાશીશી અને માથાનો દુખાવો મટે છે.